જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૮/૨૦૧૫ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૨૦/૧૫</u>**

## <u>બે રીઢા ઘરફોડ/વાહનચોરોને ચોરીનાં ત્રણ વાહનો તથા ઘરફોડના દાગીના, રાડો ઘડીયાળો, મોબાઈલ ફોનો મળી કુલ રુપિયા ૧,૫૫,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ</u>

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ આપેલ માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ, તથા મદદનીશ પોલીસ કમો.શ્રી સાયબર ક્રાઈમ સેલ નાઓની સુચના મુજબ પો.સ.ઇ શ્રી રાજેશ સુવેરા તથા તેઓની ટીમના માણસો અમદાવાદ શહેરમાં બનતા મિલકત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં નિકળેલ તે દરમ્યાન સ્ટાફના હેડ કોન્સ.નારસિંહ મલુસિંહ તથા હેડ કોન્સ.પ્રતાપસિંહ સુખાજી નાઓને મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે બે આરોપીઓ (૧) મોહંમદયાસીન ઉર્ફે મુલ્લા ઉર્ફે હાફીજી સ/ઓ આબીદભાઈ શેખ ઉવ.૨૫ રહેવાસી મ.નં.૩૧૫, લલ્લુરાવજીનો વંડો, અલકા વેન્ડીંગની ઉપર, જનસત્તા પ્રેસની સામે, મીરઝાપુર, અમદાવાદ શહેર તથા (૨) મોહંમદનદીમ મોહંમદરફીક શેખ ઉ.વ.૨૦ રહે. જી/એફ, અલઅહદ ૪, વિશ્વભારતી સ્કુલની બાજુમાં, શાહપુર મિલ કંપાઉન્ડ, શાહપુર, અમદાવાદ શહેર નાઓને આજરોજ તા.૨૩/૦૮/૨૦૧૫ ના લાલદરવાજા પાસેથી પકડી પાડેલ છે.

પકડાયેલ બંને આરોપીઓ પાસેથી ચોરીના ત્રણ વાહનો જેમાં હોન્ડા એક્ટીવા કિંમત રૂ.૨૫,૦૦૦/-, બજાજ સ્કુટર કિં.રૂ.૫૦૦૦/-, હીરો હોન્ડા પેશન પ્રો મોટર સાયકલ કિં.રૂ. ૨૫,૦૦૦/- ની મત્તાનાં તથા ઘરફોડ ચોરીનો મુદ્દામાલ રાડો ઘડિયાળો -૨ કિં.રૂ. ૫૦,૦૦૦/-, સોના ચાંદીના દાગીના કિં.રૂ.૩૫,૦૦૦/-, ટેબ્લેટ કિં.રૂ.૫૦૦૦/-, મોબાઈલ ફોનો નંગ-૬ કિં.રૂ.૨૨૫૦૦/- ની મતાના વિગેરે મળી કુલ કિં. રૂ. ૧,૫૫,૦૦૦/- ની મત્તાનો ચોરીનો મુદામાલ રિકવર કરેલ છે.

આ બંને આરોપીઓની સઘન પુછપરછ કરતાં તેઓએ છેલ્લા બે ત્રણ માસના સમયગાળામાં એલિસબ્રિજ પોલીસ સ્ટેશન, શાહપુર પોલીસ સ્ટેશન, કારંજ પોલીસ સ્ટેશન, વેજલપુર પોલીસ સ્ટેશન, દરિયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આ વાહનચોરીઓ તથા ઘરફોડ ચોરીઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે. જે બાબતે તપાસ કરતાં નીચે મુજબના ગુનાઓનો ભેદ ઉકેલવા પામેલ છે.

(૧) એલિસબ્રિજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૭૧/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૩૭૯
(૨) શાહપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૫૬/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૩૮૦
(૩) કારંજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૭૫/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૩૮૦
(૪) શાહપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૫૫/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૩૭૯
(૫) શાહપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૫૪/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૩૭૯



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

આ બંને આરોપીઓ ખુબજ રીઢા છે. તેઓ કોઈ એક જગ્યાએ કોમ્પલેક્ષ કે એપાર્ટમેન્ટ માંથી વાહનોની ચોરીઓ કરી શહેર વિસ્તારમાં ફેરવતા હતા અને થોડાક દિવસ સુધી તેઓ ઉપયોગ કરી બીજી કોઈ જગ્યાએ ફ્લેટ કે કોમ્પલેક્ષમાં બિનવારસી હાલતમાં મુકી દેતા હતા. તેઓ અગાઉ કારંજ પોલીસ સ્ટેશનમાં ઝઘડો મારામારીના ગુનામાં પકડાઈ ચુકેલ છે. તેમજ અગાઉ નવરંગપુરા તથા આનંદનગર પોલીસ સ્ટેશનમાં વાહનચોરી તથા મોબાઈલ ચોરીના ગુનાઓમાં પણ પકડાઈ ચુકેલ છે. તેઓએ તેમના અન્ય સાગરિતો સાથે મળી આ સિવાય બીજા પણ આવાજ પ્રકારના મિલ્કત સંબંધી ગુનાઓ આચરેલ હોવાની પુરેપુરી શક્યતા હોય આ બાબતે તેઓની ઝીણવટપુર્વક તપાસ પુછપરછ ચાલું છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)